ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૨/૪૬૧-૫૧૨

રાજય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૧૭/૦૧/૨૦૨૨

# પરિપત્ર

**વિષય:- નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના આવેદનપત્રો ભરાવવા માટેનો સમયગાળો લંબાવવા બાબત**

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૨૮/૧૨/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:રાપબો/NMMS/૨૦૨૧/૧૧૫૭૯-૧૧૬૩૮

ઉપરોકત વિષય તથા સંદર્ભ દર્શિત જાહેરનામાથી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા-૨૦૨૧ માટેના લાભાર્થી વિધાર્થીઓની પસંદગી કરવા માટેના આવેદનપત્રો **www.sebexam.org** વેબસાઇટ પર **તા.૩૧/૧૨/૨૦૨૧ થી તા.૧૯/૦૧/૨૦૨૨** દરમિયાન ઓનલાઇન ભરવાના ચાલુ છે. જેમાં નીચે મુજબની વિગતે આવેદનપત્રો અને ઓનલાઇન ફી ભરવાનો સમયગાળો લંબાવવામાં આવે છે.

હવે આવેદનપત્રો **તા.૧૫/૦૨/૨૦૨૨** સુધી ભરી શકાશે અને ઓનલાઇન ફી **તા.૧૭/૦૨/૨૦૨૨** સુધી ભરી શકાશે. આ પરીક્ષા અંગેની અન્ય વિગતો ઉકત સંદર્ભ જાહેરનામા મુજબ યથાવત રહેશે.

❖ **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૮/૧૨/૨૦૨૧ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૩૧/૧૨/૨૦૨૧ થી ૧૫/૦૨/૨૦૨૨ |
| ૩ | પરીક્ષા માટેની ફી ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૩૧/૧૨/૨૦૨૧ થી ૧૭/૦૨/૨૦૨૨ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૦/૦૨/૨૦૨૨ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૮/૦૨/૨૦૨૨ |

સ્થળ: ગાંધીનગર
તારીખ:૧૭/૦૧/૨૦૨૨

MGM
સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **નકલ રવાના અમલાર્થે**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.